૪૧

અગરિયાની પાંચ આદર્શ નિવાસી શાળાઓમાં
CCTV કેમેરા ખરીદવા અંગેની નવી
બાબત. રૂ. ૨.૦૦ લાખ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૨૦૧૩-ન.બા.૩૩૮-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૧/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

૧. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૯/૧૨/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃ વિજાક-આનિશા-૧૩-૧૪/૨૨૧૫

ઠ રા વઃ-

રાજયમાં અગરિયાના વિદ્યાર્થીઓ માટેની ૫ (પાંચ) આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. આ નિવાસી શાળાઓમાં ધોરણ ૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સગવડ પૂરી પાડવામાં આવે છે. આ નિવાસી શાળાઓમાં છાત્રોની સલામતી અને સુરક્ષાના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને વંચાણ હેઠળના નિયામકશ્રી(વિ.જા)ના તા. ૯/૧૨/૨૦૧૩ ના પત્રથી આ નિવાસી શાળાઓમાં CCTV કેમેરા ખરીદવા અંગેની દરેક આદર્શ નિવાસી શાળાદીઠ ૫(પાંચ) એમ ૫ આદર્શ નિવાસી શાળાઓ માટે કુલ ૨૫ CCTV કેમેરા ખરીદવા કેમેરા દીઠ રૂ.૮૦૦૦/- લેખે રૂ.૨.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજયની અગરિયાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટેની ૫ આદર્શ નિવાસી શાળાઓમાં CCTV કેમેરા ખરીદવા અંગેની દરેક આદર્શ નિવાસી શાળાદીઠ ૫(પાંચ) એમ ૫ આદર્શ નિવાસી શાળાઓ માટે કુલ ૨૫ CCTV કેમેરા ખરીદવા કેમેરા દીઠ રૂ.૮૦૦૦/- લેખે રૂ.૨.૦૦ લાખની નવી બાબતની નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.



૨૭

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડરીંગ પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંકઃ ૯૨, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર ૦૩-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭-શિક્ષણ, પેટા સદર (૧૬) બીસીકે-૧૩૧, અગરિયાના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓમાં CCTV કેમેરા ખરીદવા હેઠળ થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા. ૧૨/૩/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા નાયબ નિયામકશ્રીઓ.
- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સબંધિત આદર્શ નિવાસી શાળાઓ (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- સેકશન અધિકારીશ્રી, અ, ગ, બ-શાખા, સા.ન્યા.અને અધિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.